
# ડીસામાં સર્વર ઠપ્પ થતાં નીટની પરીક્ષાના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા મુશ્કેલ

## પરીક્ષાનું સ્થળ જાણવા સાયન્સના વિદ્યાર્થીઓ સાથે વાલીઓની દોડધામ

ડીસા,તા. ૪

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થઈ ગયા બાદ હવે ડીસામાં નીટની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ વધુ એક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આજે સવારથી જ સર્વર ઠપ્પ થઈ જતાં વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સહિતની વિગતો જાણવા અને એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવામાં ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે. ડીસામાં આજે વહેલી સવારથી જ નીટની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે, કારણ કે નીટની પરીક્ષાની તારીખ ૭ મે એટલે કે રવિવારે જાહેર કરી દેવામાં આવી છે. જેના માટે વિદ્યાર્થીઓએ પરીક્ષા માટેના કેન્દ્ર સહિતની વિગતો જાણવા અને એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા માટે હીં.હક્ર.હૈ૪ૈ.હ નામની વેબસાઈટ પર માહિતી મૂકવાની જાહેરાત કરી હોવાથી આજે વહેલી સવારથી જ વિદ્યાર્થીઓ અને વાલીઓ પરીક્ષાનું કેન્દ્ર જાણવા માટે વેબસાઈટ ખોલી રહ્યાં છે, પરંતુ વેબસાઈટ સવારથી જ ઠપ્પ હોવાથી વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આ સમસ્યા મામલે વાલી મનીષ જોષી અને સાયબર કાફે ચલાવનાર દશરથભાઈએ જણાવ્યું હતું કે, આગામી ૭ મે રવિવારના રોજ નીટની પરીક્ષા યોજનારી છે. જેના માટે સરકારે વિદ્યાર્થીઓને તેમની પરીક્ષાનું સ્થળ સહિત માહિતી જાણવા માટે અને એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા માટે એક વેબસાઈટ જાહેર કરી છે. જેના પર આજે વહેલી સવારથી જ વિદ્યાર્થી અને વાલીઓ આ વેબસાઈટ ખોલવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ વેબસાઈટનું સર્વર ડાઉન થઈ જતાં કોઈ જ માહિતી મળતી નથી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. એક તો તંત્રએ આ વખતે બે દિવસ અગાઉ જ વેબસાઈટ જાહેર કરી છે અને



જો બે દિવસ દરમિયાન એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવામાં મુશ્કેલી ઊભી થાય તો હજારો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે. માટે સરકારે તાત્કાલિક અન્ય સર્વરની વ્યવસ્થા કરી સહેલાઈથી કોલ લેટર નીકળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. નીટની પરીક્ષા આપનાર વિદ્યાર્થી યુગ દવે અને કૃણાલ નાડોદાએ જણાવ્યું હતું કે, સરકારે ત્રણ તારીખે વિદ્યાર્થીઓની માહિતી ઓનલાઈન મુકવાની જાહેરાત કરી હતી, પરંતુ આજે ચાર તારીખ થઈ હોવા છતાં પણ હજુ સુધી વેબસાઈટ ખુલતી નથી. એકબાજુ અમારે પરીક્ષાની તૈયારી કરવાની કે પછી સાયબર કાફેમાં ધક્કા ખાવાના. જો અત્યારે અમને એડમિટ કાર્ડ મળી જાય તો અમને ખબર પડે કે અમારે કઈ જગ્યાએ, ક્યારે અને કેવી રીતે પહોંચવુ ? જ્યારે તંત્રને ખબર છે કે આટલા વિદ્યાર્થીઓ એક સાથે એડમિટ કાર્ડ માટે સર્ચ કરશે તો પછી તે રીતે વ્યવસ્થા કરવી જોઈએ.

# પાલનપુરમાં બારોબાર મકાન વેચી રૂ.૨૧.૮૭ લાખની છેતરપિંડી...

પાલનપુર તા.૪

પાલનપુરના એંગોલા રોડ પર દેવર્ષિ સોસાયટીમાં રહેતા નિવૃત દંપતિ સાથે બે ગઠિયાઓએ વિશ્વાસઘાત કરી અન્યની માલિકીનું મકાન બારોબાર વેચી મારી રૂ.૨૨.૮૧ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશને નોંધાઈ છે. પાલનપુર શહેરના એંગોલા રોડ પર દેવર્ષિ સોસાયટીમાં રહેતા ૫૯ વર્ષીય પુષ્પાબેન નારાયણસિંહ પરમાર ૨૦૧૪માં જી.ઈ.બી.માંથી નિવૃત થયેલા પોતાના પતિ સાથે રહે છે. આ નિવૃત દંપતિ ભાડાના ઘરમાં રહેતા હતા. જોકે, પતિ સેવા નિવૃત થતા ગ્રેજ્યુટી સહિતના નાણાં આવતા તેઓએ પોતાની માલિકીનું ઘર લેવાનો નિર્ણય કર્યો હતો. જેથી તેઓએ ૨૦૧૯ માં દેવર્ષિ સોસાયટી બનતી હોય ત્યાં મકાન જોવા સાઈડ પર ગયા હતા. જ્યાં સ્થળ પર હાજર જુવાન સિંહ ઉર્ફે જગદીશભાઈ લાલજીભાઈ ઠાકોર રહે. દિલ્હીગેટ, માળી વાસ, પાલનપુર અને સુરેશભાઈ ચહેરા ભાઈ જરમોલ રહે.ચડોતર તા. પાલનપુર વાળા મળ્યા હતા. જેઓએ પોતાની સ્વતંત્ર માલિકીની જમીનમાં મકાનો બનાવતા હોવાનું જણાવી નિવૃત દંપતિનો વિશ્વાસ કેળવી તેઓને મકાન નં.૮૧/૧ તા.૯-૯-૨૦૧૯માં રૂ.૨૨,૮૧,૦૦૦ માં વેચાણ આપી રૂ.૭ લાખ ટોકન પેટે લઈ બાનાખત પણ કરી આપ્યું હતું. બાદમાં આ બન્ને લોકોએ અલગ અલગ તારીખોએ રોકડ રકમ અને ચેકથી આ નિવૃત દંપતી પાસેથી મકાનના વેચાણ પેટે રૂ.૨૧,૮૭,૦૦૦ લીધા હતા. બાદમાં નિવૃત દંપતિએ મકાનનો કબ્જો માંગતા તેઓને માર્ચ-૨૦૨૧માં કબ્જો સોંપતા તેઓ મકાનમાં રહેવા ગયા હતા. દરમિયાન, નિવૃત દંપતિએ દસ્તાવેજ કરી આપવાનો આગ્રહ કરતા બન્ને જણા બહાના બતાવી વાત ટાળી દેતા હતા. જોકે, ડિસેમ્બર-૨૦૨૧માં એક દિવસે પાલનપુરની બ્રિજેશ્વર કોલોની માં રહેતા તેજસ વસંતભાઈ પરમાર (માળી)નો ફોન આવતા ભાંડો ફૂટ્યો હતો. જેમાં આ મકાન તેજસભાઈ પરમારની માલિકીનું હતું. અને તેઓને માસિક રૂ.૫,૦૦૦ના ભાડે અપાયું હોવાનું બહાર આવ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,, તેજસભાઈ પરમારની જમીનમાં બાંધકામ કરતા બે ભેજાબાજ લોકોએ મકાન પોતાની માલિકીનું ગણાવી બારોબાર નિવૃત દંપતિને વેચી મારી રૂ.૨૧.૮૭ લાખની છેતરપિંડી આચરતા તેઓની સામે ભોગ બનનાર પુષ્પાબેન પરમારે ફરિયાદ નોંધાવતા પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધાનેરાની ગુરૂકુળ વિદ્યાલય આંબેડકર ચોક લાધાપુરા ખાતે મન કી બાતનો ૧૦૦માં એપિસોડ બતાવવામાં આવ્યો

ધાનેરા તા.૪

મનકી બાતના ૧૦૦મા એપિસોડમા PM મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે,નમસ્કાર મારા પ્રિય દેશવાસીઓ,આજે મન કી બાતનો ૧૦૦મો એપિસોડ છે મને તમારા બધા તરફથી લાખો સંદેશા



મળ્યા છે મેં બને તેટલા સંદેશાને સમજવાનો પ્રયત્ન કર્યો છે તમારા પત્રો વાંચીને હું ઘણી વાર ભાવુક થયો છું લાગણીઓ માં વહી ગયો છું પછી મેં પોતાને સંભાળી લીધો તમે મને મન કી બાતના ૧૦૦મા એપિસોડ માટે અભિનંદન પાઠવ્યા છે પરંતુ તમે બધા શ્રોતાઓ અભિનંદનને પાત્ર છો.આપ સૌ દેશવાસીઓનો આભાર મિત્રો,૩ ઓક્ટોબર,૨૦૧૪ના રોજ વિજયાદશમીના તહેવાર પર આપણે બધાએ સાથે મળીને આ યાત્રા શરૂ કરી હતી તેનો અર્થ ખરાબ પર સારાની જીતનો તહેવાર છે. ઘણી વખત માનવું મુશ્કેલ છે કે મન કી બાતને આટલા મહિનાઓ અને આટલા વર્ષો વીતી ગયા છે દરેક એપિસોડ પોતાનામાં ખાસ હતો. દર વખતે નવીનતા દર વખતે નવી સફળતાઓનું વિસ્તરણ દેશના ખૂણે ખૂણેથી લોકો જોડાયા જેમાં તમામ વયજૂથના લોકો જોડાયા હતા. સ્વચ્છ ભારત આંદોલન,દીકરી ભણાવો,દીકરી બચાવો, આઝાદીનો અમૃત ઉત્સવ, મન કી બાત જન આંદોલન બની ગઈ છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાય છે કે, અંતે ગુરૂકુળ વિદ્યાલયના રાયચંદભાઈ વાઘેલા દ્વારા મનકી બાત કાર્યક્રમમા હાજર રહેલા ભાજપના રડમલભાઈ સોલંકી મફતલાલ જોશી હીરાલાલ ઠક્કર અનિલભાઈ રાઠોડ બાબુભાઈ પરમાર હીરાભાઈ વાઘેલા ભરતભાઈ વાઘેલા દીપકભાઈ પરમાર વિષ્ણુભાઈ વાઘેલા રાજુભાઈ પ્રજાપતિ તથા બહેનો તમામ આગેવાનો અને કાર્યકરોનો રાયચંદભાઈ વાઘેલા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ડીસાના ભીલડી નજીક હિટ એન્ડ રનની ઘટના

# ઈનોવા કારે બાઈકને ટક્કર મારતા બે યુવાન ગંભીર હદે ઘાયલ

ડીસા, તા. ૪

ડીસાના ભીલડી નજીક એક ઈનોવા ચાલકે બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.જેમાં બાઈક ઉપર સવાર બંને યુવકને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ડીસા તાલુકા ના ભડથ ગામે રહેતા ૩૦ વર્ષીય લક્ષ્મણસિંહ વાઘેલા અને ૨૨વર્ષીય ડુંગરસિંહ વાઘેલા લોરવાડા હાઈવે ઉપરથી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા તે સમયે પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી ઈનોવા કાર ચાલકે બાઈકને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો.જે અકસ્માતને પગલે બન્ને યુવક રોડ ઉપર પટકાયા હતા. અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઇ ગયો હતો જોકે અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બંને ઘાયલ યુવકોને ૧૦૮ મારફત સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ડીસા ખસેડવામાં આવ્યા હતા.

### પાલનપુર પંથકમાં કમોસમી વરસાદથી પાકને નુકશાન

# બાજરી સહિતનો ઉભો પાક જમીન દોસ્ત થતા ખેડૂતોને નુકસાનઃ વાવાઝોડાને પગલે ગોળા પાસે હોટલના છાપરાં ઉડયા

પાલનપુર તા.૪

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદ અને ભારે વાવાઝોડા ને લઈને ખેડૂતોના પાકોને ભારે નુકસાન થવા પામ્યું છે. તૈયાર બાજરીના પાકનો સોથ વળી ગયો છે વાવાઝોડું અને વરસાદને લઈને ઉભા પાકો જમીન દોસ્ત થતાં ખેડૂતોને પારાવાર નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ બનાસકાંઠામાં જોવા મળ્યો હતો. ગઈકાલે પાલનપુર પંથકમાં ભારે વાવાઝોડા સાથે કમોસમી વરસાદ વરસતા અનેક જગ્યાએ નુકસાનીના અહેવાલ જોવા મળ્યા હતા. પાલનપુર પંથકમા વાવાઝોડું અને વરસાદને લઈને ખેડૂતોના ઉનાળો સિઝનમાં ઉભેલા બાજરીના પાકનો સોથ વળી ગયો હતો. મહા મહેનતે તૈયાર કરેલો ખેડૂતો નો બાજરીનો પાક જમીન દોસ્ત થતા હવે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. તૈયાર થયેલા પાકો નષ્ટ થતા અનેક ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હોવાનું ખેડૂત વીરજીભાઈ પટેલ અને હરિભાઈ પટેલે જણાવ્યું હતું.

જગતના તાત માથે કુદરતી પ્રકોપ



ભારી પડી રહ્યો છે. ખેતી પ્રધાન દેશમાં ખેતી કરતો જગતનો તાત હાલ લાચાર બન્યો છે. બનાસકાંઠામાં આ વખતે શિયાળા દરમિયાન પણ અનેકવાર માવઠા થતાં મગફળી, જીરું, બટાકા સહિતના ખેડૂતો નાં પાકોને નુકસાન થયું હતું અને જેના કારણે પણ ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. જો કે, હવે શિયાળા બાદ ભર ઉનાળે પણ આ વખતે કમોસમી વરસાદ અને વાવાઝોડાને લઈને ખેડૂતોના જે તૈયાર પાક હતા તેમાં નુકસાન થયું છે. ઉનાળા માં મોટાભાગે બનાસકાંઠામાં મોટા પ્રમાણમાં બાજરીનું વાવેતર થતું હોય છે. બાજરીના આ વાવેતરમાં હવે થોડા દિવસમાં જ્યારે લણણી કરવામાં આવતી હોય છે. ત્યારે તૈયાર પાકોને આ કમોસમી વરસાદ અને વાવાઝોડા ના કારણે નુકસાન થવા પામ્યું છે. તમામ પાકો હતા તે વાવાઝોડાની સાથે વરસાદના કારણે જમીન દોસ્ત થયા છે. અને જેના કારણે હવે ખેડૂતોના આ બાજરીના પાક ઊભા થઈ શકે તેમ નથી. તેમ જ તેમાં દાણા પણ આવી શકે તેમ નથી. જેના કારણે ખેડૂતોને હવે પારાવાર નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે ખેડૂતો હવે આ નુકસાની માટે તાત્કાલિક સર્વે કરી સરકાર દ્વારા સહાય કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.ભર ઉનાળે વાવાઝોડા સાથે વરસાદી માહોલ વચ્ચે ખેડૂતોના પાક જમીન દોસ્ત થવાની સાથે પાલનપુર પંથક માં ગોળા ગામ નજીક હાઈવે પર ભારે વાવાઝોડા નાં કારણે હોટેલ નાં છાપરા ઉડી ગયા છે. ત્યારે હોટેલ માલિકોને પણ ભારે નુકશાન વેઠવું પડ્યું છે. ત્યારે કમોસમી વરસાદ અને વાવાઝોડાથી ખેડૂતોની સાથે અન્ય લોકોને પણ નુકસાની વેઠવાનો વારો આવ્યો હોવાનું હોટલ માલિક નરભેરામ રાઠોડએ જણાવ્યું હતું.

### બોર્ડનું શૈક્ષણિક કેલેન્ડર જાહેર

# ઉત્તર ગુજરાતની ૨૫૦૦ સ્કૂલોમાં તા.૫ જુનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ તા.૧૧ માર્ચ-૨૦૨૪ થી ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા લેવાશે

બાયડ, તા.૦૪

ઉનાળુ વેકેશન હજુ માંડ શરુ થયું ત્યાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે શૈક્ષણિક કેલેન્ડર વર્ષ-૨૦૨૩- ૨૪ જાહેર કર્યું છે જેમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ધો.૯ થી ૧૨ ની ૨૫૦૦થી વધુ સ્કૂલોમાં તા.૫ જુનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. જ્યારે ૧૧ માર્ચ-૨૦૨૪ થી ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા શરુ થશે તેમ જણાવી દેવાયું છે. દિવાળી વેકેશનનો સમયગાળો ૨૧ દિવસનો નિયત કરાયો છે. નવી શિક્ષણ નીતિના અમલ વચ્ચે આગામી નવું શૈક્ષણિક સત્ર સમયસર શરુ થવાની ઘોષણા પણ કરી દેવામાં આવી છે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલા કેલેન્ડર મુજબ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટીકલ પરીક્ષા તા.૧૯ થી ૨૭ ફેબ્રુઆરી-૨૦૨૪ દરમ્યાન યોજાશે. જ્યારે પ્રથમ સત્રની પરીક્ષા ૩ ઓક્ટોબર-૨૦૨૩ થી શરુ થશે અને તા.૧૨ ઓક્ટોબર-૨૦૨૩ના રોજ પૂરી થશે. પ્રિલીમ તેમજ બીજી વાર્ષિક પરીક્ષા ૨૯ જાન્યુઆરી થી ૭ ફેબ્રુઆરી-૨૦૨૪ દરમ્યાન યોજવામાં આવશે. તા.૫ જુન થી ૮ નવેમ્બર-૨૦૨૩ સુધી ૧૨૪ દિવસનું પ્રથમ શૈક્ષણિક સત્ર રહેશે. ત્યાર પછી ૨૧ દિવસનું ઉનાળુ વેકેશન અને તા. ૩૦ નવેમ્બરથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે જેમાં ૧૦૩ શૈક્ષણિક દિવસો માટેની ફાળવણી કરવામાં આવી છે.

### સરકારી પરીક્ષામાં ડમી અને તોડકાંડ મામલો

# સાબરકાંઠા, અરવલ્લીમાં કેટલાક સંદિગ્ધોની સંડોવણીની આશંકા ગમે ત્યારે મોટો ઘટસ્ફોટ થવાની સંભાવના

### ૧ વર્ષ અગાઉ યુવરાજસિંહ જાડેજાની જિલ્લાની મુલાકાત સૂચક

બાયડ તા.૦૪

વિદ્યાર્થી નેતા સરકારી પરીક્ષામાં ડમી અને તોડકાંડ મામલે વધુ ને વધુ ભીડાઈ રહ્યા છે. જ્યારે દહેગામમાં ખરીદેલી જમીનમાં પણ વિદ્યાર્થી નેતાની મુશ્કેલી વધવાની સંભાવના છે ત્યાં સાબરકાંઠા, અરવલ્લીમાં પણ કેટલાક સંદિગ્ધોની સંડોવણીની આશંકા સેવાય છે તે જોતાં ગમે ત્યારે મોટો ઘટસ્ફોટ થવાની સંભાવના છે. ૧ વર્ષ અગાઉ યુવરાજસિંહે ઉર્જા વિભાગમાં ભરતી તેમજ અન્ય પેપર લીક પ્રકરણ પછી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની મુલાકાત લીધી હતી. તેનાં રહસ્યો પણ ગમે ત્યારે ઉજાગર થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ભાવનગરમાં ડમીકાંડ મામલે નોંધાયેલી ફરિયાદ પછી વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા અને તેમના બે સાળાઓની પોલીસે ધરપકડ કરી. રીમાન્ડ દરમ્યાન કેટલીક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. તપાસ આગળ વધી રહી છે તેમ યુવરાજસિંહ જાડેજાની મુશ્કેલીઓ વધશે તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે ત્યારે પેપરલીક પ્રકરણથી માંડી ઉર્જા વિભાગમાં ભરતીમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લો સૌથી વધુ વગોવાયો હતો અને હજુ સુધી ડમી કે તોડકાંડમાં આ બંન્ને જિલ્લામાંથી કોઈનું પણ નામ સામે આવ્યું નથી. આ સંજોગોમાં પોતાનું નામ ન આવે તે માટે કેટલાક ચકોરોએ અગાઉથી જ મામલો દબાવી દેવાનો પ્રયાસ કર્યો હોય તેવું બની શકે પરંતુ હવે યુવરાજસિંહ જાડેજા અને તેમના સાળાઓની સંડોવણી અને ઘનિષ્ઠ પૂછપરછ પછી બંન્ને જિલ્લામાંથી આવનારા દિવસોમાં અનેક ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના છે. યુવરાજસિંહ જાડેજાએ અગાઉ હિંમતનગર અને ત્યારબાદ બાયડ તાલુકાની પણ મુલાકાત લીધી હતી અને તે મુલાકાતનો હેતુ શું હતો ?? તે દીશામાં પણ પોલીસ કેટલીક કોલ ડિટેલ્સના આધારે તપાસ કરે તેવી શક્યતા છે.

# બનાસકાંઠાથી કોંગ્રેસના જન મંચ કાર્યક્રમનો પ્રારંભ

## પાલનપુર ખાતે પ્રદેશ કોંગ્રેસે સાંભળી લોકોની વેદના-વ્યથા અને રજૂઆતો

પાલનપુર તા.૪

કોંગ્રેસએ બનાસકાંઠામાંથી "જન મંચ" કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. પાલનપુર ખાતે પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર અને વિપક્ષના નેતા અમિત ચાવડાએ લોકોના પ્રશ્નો સાંભળી તેના યોગ્ય નિકાલની ખાત્રી આપી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,રાજ્યની ભાજપ સરકારના રાજમાં મુઠ્ઠીભર લોકો મુઠ્ઠીભર લોકો માટે સરકાર ચલાવી રહ્યા છે. ત્યારે લોકોની વેદનાને વાચા આપવા માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા "જન મંચ" કાર્યક્રમનો પ્રારંભ કરાયો છે. કોંગ્રેસ દ્વારા એક જિલ્લાના ૨ તાલુકામાં જઈ "જન મંચ" કાર્યક્રમ થકી લોકોના પ્રશ્નો સાંભળી તેના નિરાકરણ માટે લડત આપશે. ભાજપના રાજમાં શિક્ષણનું વ્યાપારી કરણ, બેરોજગારી સાથે દારૂ- જુગાર ની બદીઓ વચ્ચે ગુના ખોરીનો ગ્રાફ વધતો જાય છે. ત્યારે લોકોને મંચ પૂરો પાડી તેઓની વેદનાને જનસભા થી વિધાનસભા સુધી પહોંચાડવાની ખાતરી પ્રદેશ પ્રમુખે આપી હતી. જન મંચ કાર્યક્રમમાં લોકોએ દારૂ- જુગાર, ટ્રાફિક, પાણી ની સમસ્યા અને એનિમલ ૧૦૮ ચાલુ કરવા સહિતના પ્રશ્નો લોકોએ રજૂ કર્યા હતા.



### અહોર્ આશ્ચર્યમ્ - ૧૦ દિકરા અને ૫૦ પૌત્ર-પૌત્રીઓએ લગ્ન નિહાળ્યાં

# પોશીનાના નાડા ગામે ૭૦ની આયુ વટાવી ચૂકેલા દાદા-દાદીનાં ધામધૂમથી લગ્ન ચોથી પેઢી દાદા-દાદીના લગ્નમાં ડી.જે.ના તાલે ઝૂમી

બાયડ તા.૪

પોશીના તાલુકાના નાડા ગામે આદિવાસી સમાજના વર્ષોના રીતરીવાજ મુજબ ૭૦ની આયુ વટાવી ચૂકેલા દાદા-દાદીના ધામધૂમથી લગ્ન યોજવામાં



આવ્યાં હતાં. ચોથી પેઢીએ આ લગ્નમાં ડી.જે.ના તાલે મીને ખુશાલી વ્યક્ત કરી. આદિવાસી સમાજમાં લગ્નની ઉંમર સમયે આર્થિક કારણોસર ધામધૂમથી લગ્ન થઈ શકે તેમ ન હોય ત્યારે બંન્ને પક્ષના ૫ આગેવાનોની સંમતિથી લગ્ન વાંચ્છુકો સાથે રહીને સંસાર માંડતા હોય છે જેમાં પાછળથી સમાજનો બાકી રહી ગયેલો વ્યવહાર પૂર્ણ કરવા માટે મોટી ઉંમરે પરિવારજનોની ઉપસ્થિતિમાં લગ્નની આખી રસમ પૂર્ણ કરવામાં આવતી હોવાથી નાડા ગામે આજ કારણોસર યોજાયેલા લગ્નમાં દાદા-દાદીના ૧૦ દિકરા અને ૫૦ પૌત્ર-પૌત્રીઓ સહિત આમંત્રિતોએ હરખથી હાજરી આપી હતી. આજના આધુનિક યુગમાં સગાઈ-લગ્ન પ્રસંગોમાં લાખો રુપિયાનો ધુમાડો કર્યા પછી સંસારની જીવનયાત્રા ક્યારે અને કેવા સમયે તૂટી જાય તેનું કશું જ નક્કી નથી હોતું. પરંતુ આદિવાસી વિસ્તારોમાં આજે પણ લગ્નના બંધનોને પવિત્ર માની જીવનભર નિભાવવામાં આવતા હોય છે. હિન્દુ સંસ્કૃતિમાં લગ્નને સંસ્કાર માનવામાં આવતા હોવા છતાં શિક્ષિત સમાજમાં લગ્ન વિચ્છેદ સામાન્ય બની ગયા છે પરંતુ આદિવાસી પ્રજાએ પોતાની સંસ્કૃતિ આજે પણ જાળવી રાખી છે જેમાં મોટી ઉંમરે લગ્નો યોજાય ત્યારે સામાન્ય પ્રજા આશ્ચર્યની દ્રષ્ટીથી તેને જોતી હોય છે. તાલુકાના નાડા ગામે ગત રોજ કેસરાભાઈ નોપાભાઈ ગમાર અને મંગુબેન કેસરાભાઈ ગમાર આ બંન્ને ૭૦ની આયુ વટાવી બહોળો પિરવાર ધરાવતા હોવા છતાં તેમના ધામધૂમથી લગ્નનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દાદા-દાદીના ૧૦ પુત્ર અને ૫૦ પૌત્ર-પૌત્રીઓએ લગ્ન પ્રસંગમાં હાજર રહી ડી.જે.ના તાલે લગ્ન મહોત્સવનો આનંદ ઉઠાવ્યો હતો. અનોખા લગ્નમાં પરિવારની ચોથી પેઢી હાજર રહેવાની સાથે સગા-સબંધીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આદિવાસી પરંપરા મુજબ લગ્નની ઉંમર સમયે લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓને ધામધૂમથી લગ્ન કરવાની ઈચ્છા હોય પરંતુ આર્થિક કારણોસર અથવા તો અન્ય કૌટુંબિક કારણોસર તે શક્ય ન હોવાથી બંન્ને પક્ષે આગેવાનોની સંમતિ લઈ ગોળધાણા ખાધા પછી વિવાહની વિધિ વગર બંન્ને જણ સાથે લગ્ન જીવન શરુ કરતા હોય છે જેમાં પાછળથી બાકી રહેલ લગ્નની વિધિ તેમજ સામાજીક દાયિત્વ નિભાવવા માટે મોટી ઉંમરે ખુદ પરિવારજનો જ વડીલોના લગ્નોનું આયોજન કરતા હોય છે. નાડા ગામે પણ કોઈ કારણસર ૭૦ની આયુ વટાવી ચૂકેલા દાદા-દાદી તેમની યુવાનીમાં વિધિવિધાનથી લગ્ન કરી શક્યા ન હતા પરંતુ ગત રોજ હર્યા ભર્યા પરિવારજનોની ઉપસ્થિતિમાં લગ્ન સમારોહનું ઢળતી ઉંમરે ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું. આશ્ચર્યની વાત તો એ છે કે આ લગ્નમાં દાદા-દાદીની ચોથી પેઢીના પૌત્રએ ફોટોગ્રાફરની ફરજ નિભાવી હતી. સંપૂર્ણ આદિવાસી સંસ્કૃતિ મુજબ યોજાયેલા લગ્ન આકર્ષણનું કેન્દ્ર બનવાની સાથે આદિવાસી સમાજને વૈચારીક દ્રષ્ટીએ પછાત ગણનારાઓ માટે ચિંતનનો વિષય જરુર કહી શકાય કારણ કે આજના સભ્ય સમાજમાં પણ લીવ એન્ડ રીલેશનશીપની માન્યતા પછી પણ સહજીવન તૂટી રહ્યાં છે ત્યાં અંતરીયાળ આદિવાસી વિસ્તારોમાં સ્વતંત્ર વિચારો સાથે યુવક-યુવતીને સાથે રહેવાની સંમતિ આપ્યા પછી સંસાર માંડ્યા પછી અતૂટ સહજીવનમાં ઢળતી ઉંમરે ધામધૂમથી લગ્નો યોજાઈ રહ્યાં છે.

#### જનજાતિ સમુદાયમાં લગ્ન જીવન શરુ કરવા વર્ષોથી સ્વતંત્રતા

પોશીનાના નાડા ગામે ઢળતી ઉંમરે દાદા-દાદીના લગ્નના આયોજન કરવામાં આવ્યા હતા. જાણવા મળ્યા મુજબ જનજાતિ સમુદાયમાં લગ્નજીવન શરુ કરવા માટે સમાજે વર્ષોથી સ્વતંત્રતા આપેલી છે જેમાં લગ્નની ઉંમર સમયે જો આર્થિક કે અન્ય કોઈ મુશ્કેલી હોય ત્યારે બંન્ને પક્ષના આગેવાનોની સંમતિથી ગોળ-ધાણા ખાઈને લગ્ન વાંચ્છુકોને સાથે જીવન જીવવાની સ્વતંત્રતા આપવામાં આવતી હોય છે જેમાં પાછળથી બહોળા કુટુંબની ઉપસ્થિતિમાં લગ્નની માત્ર રસમ પૂરી કરવામાં આવતી હોય છે.